વાત ગાંધીનગરની

રાજ્ય મંત્રીમંડળની બેઠકના પગલે બુધવારે ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ અનુભવાતો હતો. વિદાય લેતા ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષના સમર્થકોની અવરજવર વધતાં શહેરમાં ખાસ કરીને મંત્રી નિવાસ વિસ્તારમાં અફવા બજાર ગરમાયુ હતુ.

માનો ન માનો મંત્રીઓ ઉમેરાશે

ભાજપના અધિકૃત વ્યક્તિઓ કે મુખ્યમંત્રીઓ મંત્રીમંડળના વિસ્તરણ માટે ભલે ના પાડે પરંતુ એક સપ્તાહમાં ચાર કે પાંચ નવા મંત્રીઓ ઉમેરાય છે અને બે કે ત્રણને વિદાય અપાય છે. કોણ ઉમેરાશે અને કોણ વિદાય લેશે એનો નિર્ણય શનિ-રવિમાં દિલ્હી કે અમદાવાદમાં થઈ જશે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહ ગુજરાતની મુલાકાતે આવે તો અમદાવાદમાં અને ન આવે તો મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ દિલ્હી જઈ ચર્ચા કરી આખરી નિર્ણય કરી શકે છે.

રૂપાણી રાજભવનમાં રોટલો જમ્યા

રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની નિમણુંકને પ્રથમ વર્ષ પૂર્ણ થતાં રાજ્યપાલે રૂપાણીજીને જમવા નોતર્યા હતા. ગૌ પ્રેમી અને પ્રાકૃતિક ખેતીના પુરસ્કર્તા આચાર્ય દેવવ્રતજીએ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીજીને રોટલો અને માખણ ખાવા નિમંત્ર્યા હતાં અને રૂપાણીજીએ પ્રેમથી ભોજન લીધું હતું.

પાટીલ કેશુબાપાને પગે લાગવા પહોંચ્યા

ભાજપના નવ નિયત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ ભાજપના પીઢ અગ્રણી અને પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપાના આશિર્વાદ લેવા સે. ૧૯ સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતાં. બાપાએ કાઠીયાવાડી મિજાજમાં પાટીલને આવકાર્યા હતાં અને આશિર્વાદ આપ્યા હતાં. સૌને સાથે લઈને કામ કરવા શીખ આપી હતી.

જીતુ વાઘાણી મંત્રીપદની રાહ જુએ છે

પાટનગરના અફવા બજારમાં આજે સૌથી મોટુ પડીકુ જીતુભાઈના નામે વહેંચાતુ હતુ. પ્રમુખપદેથી હજુ ૭૨ કલાક પહેલાં નિવૃત્ત થયેલ જીતુભાઈ વાઘાણી કેબીનેટ મંત્રી તરીકે આવી રહ્યા છે, કેટલાકે તો વિભાગોની ફાળવણી પણ કરી દીધી. જો કે આ બધું જો અને તો ઉપર છે. જીતુભાઈ મંત્રી થશે એ ચોક્કસ છે પણ ક્યારે થશે એ અચોક્કસ છે. જો કે એમણે બંગલો ૧૦ દિવસ પછી ખાલી કરવાની વાત કરી છે હો..!!

...ત્યાં સુધી ફી ઉઘરાવી શકાશે નહીં

શાળાઓ હજુ બંધ છે. ક્યારે ખુલશે તે નિશ્ચિત નથી આમ છતાં શાળા સંચાલકો ફી માટે વાલીઓ ઉપર દબાણ કરતાં હોવાની ફરીયાદ ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી. હાઈકોર્ટે આજે સ્પષ્ટ રીતે શિક્ષણ વિભાગને જણાવ્યું હતું કે જ્યાં સુધી શાળાઓ ખુલે નહીં ત્યાં સુધી ફી માટે વાલીઓ ઉપર સંચાલકો દબાણ કરી શકશે નહી.

હજુ અખબાર મંગાવવામાં ગભરાય છે

કોરનાનો કાળો કહેર તો દસેય દિશાઓમાં રાજ કરી રહ્યો હોય તેમ લાગે છે. અખબારના માધ્યમથી વાયરસ ફેલાય છે તેવી અફવાના પગલે ઘણાં બધાં વાચકોએ અખબાર મંગાવવાથી દૂર રહ્યાં છે. ઘણા બધા વૈજ્ઞાનિક તારણો વારંવાર માધ્યમોમાં છવાયા, ઘણા બધા અખબારોએ આ અફવાનું ખંડન કરતાં કારણો અને તારણો રજુ કર્યા આમ છતાં ગાંધીનગર જેવા શિક્ષિત નગરમાં પણ સેંકડો વાચકો અખબાર મંગાવવાનું ટાળે છે.

'અર્ક' આજનો...

સુખ શોધવુ પડે એનાથી મોટુ દુ:ખ કયું..!!

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ બંધ થઈ જતા ફરીથી ગરમી વધવા માંડી છે. આકાશમાં વાદળોની અવરજવર દેખાય છે પરંતુ ઘેરા વાદળો ન હોવાથી વરસાદ પડતો નથી. જરાય છાંટા ન પડતા બફારાએ માઝા મુકી છે. બફારાના કારણે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

શહેરમાં સઘન સર્વેલન્સ માટે ૫૦ જેટલી જગ્યાઓ આઉટ સોર્સથી ભરો : સુનયના તોમર

દરેક પી.એચ.સી.માં ૪ જ દિવસમાં સર્વેલન્સનો એક રાઉન્ડ પૂર્ણ થવો જોઈએ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં ૧૦ આયુષ તબીબ, ૨૦ એમ.પી.એચ.ડબલ્યુ તેમજ ૨૦ એફ.એચ.ડબલ્યુ મળી ૫૦ ની આઉટ સોર્સિંગથી ભરતી કરવાની સૂચનાઓ ગઈકાલે પ્રભારી સચિવ સુનયના તોમરના અધ્યક્ષપદે મળેલી કોવિડ-૧૯ સંક્રમણ સ્થિતિની સમીક્ષા બેઠકમાં અપાઈ હતી.

ગાંધીનગર શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યામાં વધારો કરવા ઉપર પણ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડેશ બોર્ડ સતત અપડેટ થતુ રહે તેમજ તેનુ અસરકારક મોનીટરીંગ થાય તેવી સૂચના પણ અપાઈ હતી.

પોઝીટીવ દર્દીના ક્લોઝ કોન્ટેક્ટ પર્સનને શક્ય હોય ત્યાં સુધી સરકારી ફેસીલીટી સેન્ટરમાં રાખવામાં આવે તેમ પણ તેમણે કહ્યુ હતુ. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવામાં આવે તેમજ કન્ટેનમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૫ કેસ

આજે સારવાર દરમિયાન વધુ ૨ ના મોત : ગાંધીનગરમાં ૯, કલોલમાં ૮, માણસામાં ૬ અને દહેગામમાં વધુ ૨ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે વધુ બે દર્દીના મોત સારવાર દરમિયાન થયાનું પણ જાણવા મળેલ છે.

સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૬૧ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે આજે કલોલના બે દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુ થયા છે. આ બન્ને દર્દીઓ પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓના મોતની ટકાવારી જે રીતે વધી રહી છે તેનાથી તંત્ર ચિંતીત બન્યુ છે. આજે બે દર્દીના મોતના સમાચારને પગલે તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકામાં ૯, કલોલમાં ૮, માણસામાં ૬ અને દહેગામ તાલુકામાંથી ૨ કેસ મળી આવ્યા છે. આજે મળી આવેલા ૨૫ કેસને પગલે દિવસભર તંત્ર સતત દોડધામ કરતુ નજરે પડ્યુ હતુ.

કલોલ-ગાંધીનગરમાં કેસોની સાથે હવે માણસા અર્બનમાં પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર તાલુકામાં કસ્તુરીનગરમાંથી એક ૩૦ વર્ષીય મહિલા અને પાંચ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કસ્તુરીનગર એ નવા સ્પોટ તરીકે ઉભરી આવતાં તંત્રની દોડધામ વધવા પામી છે. આ વિસ્તારમાં તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

રાંધેજામાંથી એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી ગાંધીનગર સ્થિત એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત રાંધેજા ટ્રસ્ટની હોસ્પિટલનો એક કર્મયોગી પણ કોરોનાથી સંક્રમિત થયો છે.

પેથાપુર જે કોરોના માટે હોટસ્પોટ વિસ્તાર બની ચુકેલ છે ત્યાંથી આજે વધુ ૨ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના ભાઈ અગાઉ સંક્રમિત થયા હતા તેમ જાણવા મળેલ છે. આ ઉપરાંત પેથાપુર બેંક ઓફ બરોડાની શાખામાં નોકરી કરે છે. તે ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

રૂપાલમાંથી એક ૩૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન ગાંધીનગર જીઆઈડીસીમાં આવેલ એક

● અનુસંધાન પાન-૭ પર

સિવિલના મહિલા ડૉક્ટર, પોલીસ ઈન્સ્પેક્ટર, બિલ્ડર કોરોનાની ઝપટમાં

શહેરમાં આજે વધુ ૧૧ કેસ : સે. ૧૯ માંથી ૩, સે. ૨૭ માંથી ૩ કેસ, સે. ૧૩ માંથી ૨ કેસ, સે. ૩ માંથી ૨ કેસ અને સે. ૨-સી માંથી ૧ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૩૯૨ પર પહોંચી છે.

શહેરમાં કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે. નવા સેક્ટરો આ મહામારી માટે વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ૩ કર્મયોગીઓ બાદ આજે વધુ એક ડૉક્ટર પણ સંક્રમિત થયા છે. આરોગ્ય કર્મયોગીઓ જે ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે ઓળખાય છે તેજ સંક્રમિત થઈ રહ્યા હોવાથી શહેરીજનોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે જે કેસ નોંધાયા છે તેમાં સેક્ટર-૧૯ માં ૩ કેસ, સે. ૨૭ માં ૩ કેસ, સે. ૩ માં ૨, સે. ૧૩ માં ૨, સે. ૨-સી માંથી ૧ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ ૧૧ કેસમાં ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જેને તંત્રએ મંજૂરી આપી છે.

સેક્ટર-૧૯ માં રહેતા અને હાલ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટર તરીકે સેવા આપતા મહિલા તબીબી અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા તબીબના પતિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ

● અનુસંધાન પાન-૭ પર

ફી ન ચુકવી હોય તો પણ શાળા વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહીં

શિક્ષણ વિભાગે જારી કરેલી સુચના મુજબ શાળા ટયુશન ફી પણ વસુલી શકશે નહીં

ગાંધીનગર તા ૨૨

કોરોનાની મહામારી વચ્ચે શાળાઓમાં ઓનલાઈન શિક્ષણનો ટ્રેન્ડ મજબુત બનતો જાય છે. જયારે શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસેથી ફી ભરવા માટે કોઈપણ પ્રકારનુ દબાણ ન કરવા માટે તેમજ ફી ન ચુકવી હોય તો પણ તેને શિક્ષણ આપવા તેમજ વિદ્યાર્થીનો પ્રવેશ રદ ન કરવા માટે શિક્ષણ વિભાગે સુચના જારી કરી છે. સ્વનિર્ભર શાળાઓ બાબતે શિક્ષણ વિભાગે જારી કરેલી સુચના મુજબ શાળાઓ બંધ થઈ તે સમયગાળાથી પુન : શરૂ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની ટયુશન ફી વસુલી શકશે નહીં. જયારે વર્ષ ૨૦૨૦-૨૧ માં

● અનુસંધાન પાન-૭ પર

ગુડા વિકસિત ટી પી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખશે

કુડાસણ, વાવોલ, રાયસણ અને વાસણા હડમતિયા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઇન નાંખવા માટે ૭૦ કરોડનો ખર્ચ કરાશે : ટુંકમાં ટેન્ડર પ્રકીયાના અંતે કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરાશે. ગુડા દ્વારા આ કાર્યયોજનાને અનુલક્ષીને ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે ટુંકમાં કામગીરી પણ હાથ ધરાશે ગુડા વિસ્તારમાં કુડાસણ, વાવોલ, રાયસણ અને વાસણા હડમતિયા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે અનુલક્ષીને રૂ ૭૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓના અંતે હાલ સ્ટાર્મ વોટર લાઈન નાંખવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં વર્ષોથી વરસાદી પાણીના નિકાલની લાઈન ન હોવાના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. અત્યાર સુધી શહેરન સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા છે. જયારે નગરના મુખ્યમાર્ગો પર પણ વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે લાઈન નાંખવામાં આવી છે. હાલ શહેરના તમામ સેકટરોમાં આ સુવિધા ઉભી કરવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. બીજીતરફ ગુડા દ્વારા પણ વિકસિત ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવી રહ્યો છે. જેને અનુલક્ષી ગુડા વિસ્તારના ટી પી ૬ કુડાસણ,ટી પી -૧૩ વાવોલ, ટી પી -૧૪ રાયસણ અને

● અનુસંધાન પાન-૭ પર

શ્રદ્ધાંજલિ

સ્વ. મનોજકુમાર એસ. પંડ્યા

સ્વ. તા. ૨૧/૭/૨૦૨૦

અલવિદા કોરોના વોરિયર

ગામ ગોજારિયાના વતની અને પ્રાંતિજ સરકારી હોસ્પિટલમાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા... કોરોનાની લડાઈમાં જાન ગુમાવનાર કોરોના વોરિયર ભાઈશ્રીના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે ! સદ્‌ગુણોની સુવાસ સદાય ફેલાતી રહે ! એ જ અભ્યર્થના !!

આપના

પરમાર છગનલાલ જે. - સે.૬
પરમાર નિકેષકુમાર એમ. - સે.૨
સૂર્યપાલ જીતેષકુમાર કે. - કલોલ
વસઈકર નારણભાઈ એસ. - સે.૨૪
મેસરિયા ગૌતમકુમાર એસ. - સે.૩
પરમાર ઈશ્વરભાઈ એ. - સે.૭
પરમાર ભરતકુમાર એસ. - સે.૨૬
આનંદ અશ્વિનકુમાર આર. - સે.૨
રૂપાલા રસિકકુમાર ડી. - સે.૧૪
સમગ્ર ઈટાદરા પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com